# શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ.
# બી.એસસી. સેમેસ્ટર-૧
# ૨૦૧૩ - ૨૦૧૪

## બી.એસસી. સેમેસ્ટર-૧ માં મેરીટ લીસ્ટ મુજબ રૂબરૂ પ્રવેશ પ્રક્રિયા અંગે સૂચના

(૧) અરજીકર્તા વિધાર્થીઓએ પ્રવેશ માટે નિયત તારીખે/સમયે ઇન્ટરનેટ પર ભરેલ પ્રવેશ ફોર્મ રસીદ (**Acknowldegement slip**) સાથે સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટ, માર્કશીટસ, જાતિનો દાખલો, ટ્રાયલ સર્ટિફિકેટ અને ચાલુ નાણાકિય વર્ષ (તા:૦૧-૦૪-૨૦૧૩ પછી)નું નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ (બક્ષીપંચના વિધાર્થીઓ માટે)ના ઓરીજીનલ પ્રમાણપત્રો લઇને હાજર રહેવું.

(૨) પ્રવેશ સમયે ઓરીજીનલ પ્રમાણપત્રો ફરજિયાત રજૂ કરવાના રહેશે. ઓરીજીનલ પ્રમાણપત્રો નહીં લાવનાર વિધાર્થી પ્રવેશને પાત્ર રહેશે નહીં. જેની દરેક વિધાર્થીઓએ નોંધ લેવી.

(૩) મેરીટ ક્રમાંક અનુસાર વિદ્યાર્થીએ ગ્રુપની (વિષયોની) પસંદગી કરવાની હોવાથી રૂબરૂ નીચે દર્શાવેલા સમય પત્રક અનુસાર જે તે દિવસે અને સમયે આચાર્યશ્રીની ઓફીસમાં અચૂક હાજર રહેવું જરૂરી છે. આ પ્રવેશ સ્થળ પર જ નકકી કરવાનો હોવાથી કોઇપણ કારણોસર ગેરહાજર રહેનાર વિદ્યાર્થી સમય અને દિવસ ચુકી જશે તો તેનો પ્રવેશ અંગે કોઇ હકક રહેશે નહી.

(૪) જે વિધાર્થીઓએ અત્રેની કોલેજમાં કે અન્ય કોલેજમાં અગાઉ કોઇપણ વિધાશાખામાં પ્રવેશ મેળવ્યો હોય કે જેઓ **detained** થયેલા હોય તેવા વિદ્યાર્થીઓનો પ્રવેશ પેન્ડિંગ રહેશે.

(૫) ભરૂચ જિલ્લાના વિધાર્થીઓને પ્રાથમિકતા આપવામાં આવશે. ભરૂચ જિલ્લા સિવાયના અન્ય જિલ્લાના વિધાર્થીઓને જે તે વિષય જુથમાં બેઠકો ખાલી હશે તો જ પ્રવેશ આપવામાં આવશે.

**(૬) ગુજરાત બોર્ડ સિવાયના અન્ય બોર્ડમાંથી પાસ થયેલ વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું PEC(પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ) રજુ કરવાનુ રહેશે.**

(૭) વિષયની (ગ્રુપની) પસંદગી કરી, જે દિવસે પ્રવેશ આપવામાં આવે તે જ દિવસે તે જ સમયે ફી ભરી દેવાની રહેશે.

★ <u>મેરીટ ક્રમાંક અનુસાર પ્રવેશ પ્રક્રિયા માટેનું સમયપત્રક</u>

| તારીખ | સમય | મેરીટ ક્રમાંક |
|---|---|---|
| ૧૭-૦૬-૨૦૧૩ | સવારે ૧૧:૦૦ કલાકે | ૦૦૧ થી ૨૦૦ |
| ૧૮-૦૬-૨૦૧૩ | સવારે ૧૧:૦૦ કલાકે | બધા જ **SC/ST** વિધાર્થીઓ<br><u>(મૂકરર વિદ્યાર્થી સંખ્યા સુધી પ્રવેશ આપવામાં આવશે.)</u> |
| ૧૯-૦૬-૨૦૧૩ | સવારે ૧૧:૦૦ કલાકે | બધા જ **SEBC** વિધાર્થીઓ<br><u>(મૂકરર વિદ્યાર્થી સંખ્યા સુધી પ્રવેશ આપવામાં આવશે.)</u> |
| ૨૦-૦૬-૨૦૧૩ | સવારે ૧૧:૦૦ કલાકે | ૨૦૧ થી ૪૫૦ |
| ૨૧-૦૬-૨૦૧૩ | સવારે ૧૧:૦૦ કલાકે | ૪૫૧ થી ૭૦૦ |
| ૨૨-૦૬-૨૦૧૩ | સવારે ૧૧:૦૦ કલાકે | ૭૦૧ થી ૯૦૦ |

★ <u>મૂકરર વિદ્યાર્થી સંખ્યા મુજબના પ્રવેશ જે મેરીટ ક્રમાંક પર અટકશે, તે પછી પ્રવેશ બંધ જાહેર કરવામાં આવશે.</u>

★ <u>જો બેઠકો ખાલી રહેશે તો મેરિટ લીસ્ટ મુજબ પછીના વિધાર્થીઓના પ્રવેશ માટેની તારીખ જાહેર કરવામાં આવશે.</u>

(ડૉ. એન.એમ. પટેલ)
પ્રિન્સિપાલ